# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૮/૭/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'ટ્રાફિક એન્ડ મોબિલિટી ઇશ્યુઝ ઇન સિટી' વિશે ફેસ ટુ ફેસ વેબીનાર યોજાયો

**સુરત :** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવારે, તા. ૬ જુલાઇ ૨૦૨૦ના રોજ સાંજે ૬:૦૦ કલાકે 'ટ્રાફિક એન્ડ મોબિલિટી ઇશ્યુઝ ઇન સિટી' વિષય ઉપર ૮૬માં ફેસ ટુ ફેસ વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે સુરત પોલિસ ટ્રાફિક વિભાગના નાયબ પોલિસ કમિશનર શ્રી પ્રશાંત સુમ્બે (આઇપીએસ), સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર ડો. રાજેશ પંડયા અને સુરતના ઇન્ચાર્જ આરટીઓ શ્રી ડી.કે. ચાવડા દ્વારા શહેરમાં ટ્રાફિકની સમસ્યાને નિવારવા માટે સ્થાનિક તંત્ર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની વિસ્તૃત માહિતી આપીને લોકોને ટ્રાફિકના નિયમોના પાલન માટે અવેર કર્યા હતા. વેબીનારમાં ટ્રાફિક અને મોબિલિટી સંબંધિત વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ જણાવ્યુ હતુ કે, શહેરમાં ટ્રાફિક અને મોબિલિટી સંબંધિત લોકોના પ્રશ્નોને વાચા આપવા માટે આજના વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે. ભારતના નકશામાં સુરત શહેર ફાસ્ટ ગ્રોઇંગ સિટી તરીકે ટોપ ટેનમાં આવી ગયુ છે ત્યારે શહેરીજનોને ટ્રાફિક અંગેની જે સગવડ મળી રહી છે તે ઓથોરીટીના સહકાર વિના શકય નથી.

ડો. રાજેશ પંડયાએ લોકોના ટ્રાફિક સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે ચેમ્બર દ્વારા વેબીનાર થકી જે પ્લેટફોર્મ પૂરુ પાડવામાં આવ્યુ છે તે માટે ચેમ્બરનો આભાર વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે, સુરત શહેરની સૌથી

મોટી સમસ્યા ટ્રાફિક અંગેની છે. આગામી ૩૦ વર્ષમાં ઘણી બધી ચેલેન્જીસ આવવાની છે. લગભગ આપની વસતિ ડબલ થઇ જશે. તેની સામે ખાનગી વાહનોમાં ૨.૯ ટકાનો વધારો થશે અને ૨.૩ ટાઇમ્સ કન્ઝમ્પ્શન વધી જશે. રેપીડ ગ્રોથ ઓફ પોપ્યુલેશન, રેપીડ ગ્રોથ ઓફ વ્હીકલ્સ અને હાઇસિટી મોબિલિટી વિગેરે સમસ્યાનો વધારો થઇ રહયો છે. શહેરમાં પબ્લીક ટ્રાન્સપોર્ટ શરૂ કરવામાં આવ્યુ છે. જેમાં બસ દ્વારા ટ્રાન્સપોર્ટને કારણે એનર્જી કન્ઝમ્પ્શન થાય છે અને પ્રદુષણમાં ઘટાડો થઇ રહયો છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, શહેરમાં જે અકસ્માતો થઇ રહયાં છે તે પણ મોટી સમસ્યા છે. આ સમસ્યાને દૂર કરવા માટે તમામ તંત્ર એકસાથે મળીને કામ કરે છે. એન્ફોર્સમેન્ટ માટે પોલિસ તંત્ર દ્વારા તનતોડ મહેનત કરવામાં આવે છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યાને દૂર કરવા માટે મદદ મળી રહે છે. આરટીઓ દ્વારા પણ સારી કામગીરી કરવામાં આવી રહી છે. તેમણે વિઝન વિશે જણાવ્યુ હતુ કે, સરલ ટ્રાન્સપોર્ટ લોકોને પ્રોવાઇડ કરવા માટે પ્રયાસ કરીએ છીએ. ‘સરલ પરિવહન સમૃદ્ધ જનજીવન’ એટલે લોકો માટે સુરક્ષિત, એકસીસેબલ, રિલાયબલ, એડવાન્સ્ડ્ અને લો કાર્બન મોબિલિટી ઓફ સુરત. એન્જીનિયરીંગ, એજ્યુકેશન અને એન્ફોર્સમેન્ટ અંગે તમામ રીતે સર્વે કરીને ટ્રાફિકની સમસ્યામાંથી બહાર આવવાનો પ્રયાસ કરવામાં આવે છે. એના માટે લોકોના જે સૂચનો હશે તે આવકાર્ય હોવાનું તેમણે જણાવ્યુ હતુ.

શ્રી ડી.કે. ચાવડાએ જણાવ્યુ હતુ કે, આરટીઓ દ્વારા શહેરીજનોને રજિસ્ટ્રેશન અને લાયસન્સ માટેની સુવિધા પુરી પાડવામાં આવે છે. શહેરમાં અત્યારે આશરે ૩૪ લાખ વાહનો રજિસ્ટર્ડ છે. લર્નિંગ લાયસન્સ અને ડ્રાઇવીંગ લાયસન્સના ટેસ્ટ કન્ડકટ કરવામાં આવે છે. સેફ ડ્રાઇવીંગથી અકસ્માતોને નિવારવા માટે પ્રયાસ કરવામાં આવે છે. વ્હીકલ સંબંધિત સેવા લોકોને પૂરી પાડવામાં આવે છે. આ સુવિધાને આરટીઓ દ્વારા ફેસ લેસ કરવામાં આવી છે. લોન કેન્સલ કરાવવી હોય તો લોકોને આરટીઓ સુધી આવવાની જરૂર પડતી નથી. એવી રીતે લાયસન્સના રિન્યુઅલ માટે પણ લોકોને આરટીઓ સુધી આવવુ પડતુ નથી. માત્ર મેડીકલ સર્ટિફિકેટ અને લાયસન્સનો ફોટો વેબસાઇટ પર અપલોડ કરવામાં આવે તો અરજદારના ઘર સુધી લાયસન્સ પહોંચાડવામાં આવે છે.

તેમણે ફેસ લેસ સુવિધાનો લાભ લેવા તેમણે લોકોને અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં કહયુ હતુ કે, લાયસન્સ અને વાહનની તમામ સર્વિસ ઓનલાઇન કરવામાં આવી છે. આરટીઓ દ્વારા પોલ્યુશન વિશે બનાવવામાં આવેલા કાયદા વિશે જણાવ્યુ હતુ કે, વ્હીકલ માટે યુરો ૬ નોર્મ્સ ફોલો કરાવવામાં આવે છે. બીએસ ૪ કે તેનાથી નીચેનુ વ્હીકલ હોય તો તેને શહેર માટે એપ્રુવ કરવામાં આવતુ નથી.

શ્રી પ્રશાંત સુમ્બેએ જણાવ્યુ હતુ કે, લાખો વાહનો એક રસ્તા ઉપર આવે છે ત્યારે ટ્રાફિકની સમસ્યા ઉદ્ભવે છે. ભવિષ્યમાં પણ આ સમસ્યામાં વધારો થવાનો છે. બીજી બાજુ પાર્કીગનો ઇશ્યુ પણ ઉભો થાય છે. કારણ કે શહેરમાં જે રીતે વ્હીકલ વધી રહયાં છે તેટલી ગતિથી ફિઝીકલ ઇન્ફ્રાસ્ટ્રકચરમાં વધારો થતો નથી. પોલીસ દ્વારા અકસ્માતોને નિવારવા અને લોકોને સુરક્ષિત રાખવા માટે પ્રયાસ કરવામાં આવે છે. જો કે, લોકોમાં અવેરનેસ થોડી ઓછી જોવા મળે છે. અવેરનેસ હોવા છતાં પણ વાહનચાલકો દ્વારા એ વસ્તુનું અમલીકરણ કરવામાં આવતુ નથી. જેવુ કે સીટબેલ્ટ પહેરવાના ફાયદા અને નુકસાન વિશે જાણતા હોવા છતાં ચાલકો સીટબેલ્ટ પહેરતા નથી.

તેમણે શોર્ટ રન અને લોન્ગ રનમાં શું કરવું જોઈએ તેના વિશે માહિતી આપી હતી અને એના માટે જે સમસ્યા ઉભી થઇ રહી છે તેને નિવારવા માટે પોલીસ પ્રયાસ કરી રહી છે. અકસ્માતોને કઇ રીતે ઘટાડવામાં આવે તેના માટે પ્રયાસ કરવામાં આવે છે. ટ્રાફિક જામની સમસ્યાને દૂર કરવા માટે પોલીસ દ્વારા કેટલાક વિસ્તારોને આઇડેન્ટીફાય

કરવામાં આવ્યા છે. જુદા–જુદા સમયે જુદી–જુદી જગ્યાએ ટ્રાફિકનો જામ લાગે છે. આથી જામ સ્કવોર્ડની મદદથી ટ્રાફિક જામને દૂર કરવા માટે શોર્ટ રનમાં પ્રયાસ કરવામાં આવે છે. જ્યારે લોન્ગ ટર્મમાં પોલીસનુ મહેકમ વધારીને ટ્રાફિક જામની સમસ્યાને નિવારવા માટે વિચારવામાં આવી રહયું છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, એન્ફોર્સમેન્ટની જગ્યાએ અવેરનેસ ઉપર ઘ્યાન આપવાનુ વિચારવામાં આવી રહયું છે. માનવતાની દૃષ્ટિએ પોલીસ દ્વારા દંડાત્મક કાર્યવાહીને બદલે આવતીકાલથી ‘આઇ ફોલો’ નામથી કેમ્પેઇન લોન્ચ કરવામાં આવી રહયુ છે. આના પહેલા પણ પોલીસે આવી રીતની કેમ્પેઇન લોન્ચ કરવામાં આવી હતી અને તેનું નામ પણ ‘આઇ ફોલો’ જ હતુ. સુરતને પોતાના માટેની કેમ્પેઇન લાગે તેથી જાણી જોઇને પોલીસ દ્વારા ફરીથી ‘ આઇ ફોલો’ નામને રિપીટ કરવામાં આવ્યુ છે. આ કેમ્પેઇન અંતર્ગત ૨૧ દિવસ માટે પોલીસ લોકો પાસેથી દંડ વસૂલ કરશે નહીં.

આ કેમ્પેઇન અંતર્ગત સોશિયલ મિડિયા અને યુથ પોપ્યુલેશનને ટાર્ગેટ કરવામાં આવી રહયું છે. ટ્રાફિકના નિયમોનું જે લોકો પાલન કરે છે તેઓને પ્રોત્સાહિત કરવામાં આવશે અને સોશિયલ મિડિયામાં તેઓને હાઇપ આપવામાં આવશે. ઓફેન્ડર્સને સોશિયલ કમીટમેન્ટ દ્વારા ઓપ્શન આપવામાં આવશે પણ તેઓને દંડ કરવામાં આવશે નહી પરંતુ તેમને જે ભૂલ કરી છે તે તેમને સમજાઇ છે અને તે પણ ટ્રાફિકના નિયમોના પાલન માટે પોલીસની સાથે છે અને અન્ય લોકોને પણ પોલીસને સહકાર આપવા માટે જણાવવામાં આવશે. નેશન વાઇઝ આ કેમ્પેઇન પોલીસ દ્વારા કરવામાં આવશે.

તેમણે વધુમાં કહયુ કે, પોલીસ દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેકટ લાવવામાં આવી રહયો છે. ડિજીટલ ઇન્ડીયા થકી લોકો પીઓએસ મશીન દ્વારા ડિજીટલ ટ્રાન્ઝેકશન કરી શકે તેના માટે પ્રયાસ કરવામાં આવશે. વીઆઇપી અને ઉધના મગદલ્લા રોડ ઉપર ઇન્ટર સેપ્ટર વ્હીકલને ઉભી રાખવામાં આવશે. ટ્રાફિક હેલ્પલાઇનની શરૂઆત કરવામાં આવી છે. હેલ્પલાઇન નંબર છે ૭૪૩૪૦૯૫૫૫૫. સોશિયલ મિડિયાનો વધારેમાં વધારે ઉપયોગ કરવામાં આવી રહયો છે. આના થકી લોકોને અવેર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. ત્રણ ઇ જેવા કે એન્જીનિયરીંગ, એજયુકેશન અને એન્ફોર્સમેન્ટ ઉપર પોલીસ દ્વારા કામ કરવામાં આવી રહયું છે.

વેબીનારમાં જોડાયેલા લોકો દ્વારા ટ્રાફિક સંબંધિત વિવિધ પ્રશ્નો અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા અને અધિકારીઓ દ્વારા પણ લોકોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. ત્રણેય ઓથોરીટીને રિઝલ્ટ ઓરીએન્ટેડ કામ કરવાનો આગ્રહ પણ કરવામાં આવ્યો હતો.

ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. અંતે શ્રી મૃણાલ શુકલએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.